અપીલ અરજી નં.૨૫૧ તા .૫–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સચીન એસ. માહેશ્વરી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સચીન એસ. માહેશ્વરીની તા.૨૮–૭–૧૧ની અરજીથી સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબ–ડિસ્ટ્રીકટ, શહેર સુરતના સુરત મહાનગરપાલિકાની વધારેલી હદમાં સમાવેશ કરવામાં આવેલ મોજે ગામ ઉધનાના રે.સ. નં. ૨૨૯,૨૮૨તથા ૨૯૬,ટી.પી.સ્કીમ નં. ૨. (ઉધનાના ફાયનલ પ્લોટ નં. ૩૧ યાને મહાદેવ કોમ્પલેક્ષના નામથી ઓળખાતા એપાર્ટમેન્ટની પાછળ આવેલ) અને ચામુંડા ઈન્ડ એસ્ટેટના નામે ઓળખાતા સોસાયટીમાં મુદ્દા નં.(૧) ચામુંડા ઈન્ડ એસ્ટેટમાં કુલ કેટલા ઈન્ડસ્ટ્રીયલ પ્લોટોનું પ્લાન મંજુર થયેલ છે ? વિ. મુદ્દા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૫–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૫૧/૨૦૧૧–૧૨

શ્રી સચીન એસ. માહેશ્વરીની તા.૨૮–૭–૧૧ની અરજીથી સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબ–ડિસ્ટ્રીકટ, શહેર સુરતના સુરત મહાનગરપાલિકાની વધારેલી હદમાં સમાવેશ કરવામાં આવેલ મોજે ગામ ઉધનાના રે.સ. નં. ૨૨૯, ૨૮૨ તથા ૨૯૬, ટી.પી.સ્કીમ નં. ૨. ( ઉધનાના ફાયનલ પ્લોટ નં. ૩૧ યાને મહાદેવ કોમ્પલેક્ષના નામથી ઓળખાતા એપાર્ટમેન્ટની પાછળ આવેલ) અને ચામુંડા ઈન્ડ એસ્ટેટના નામે ઓળખાતા સોસાયટીમાં મુદ્દા નં.(૧) ચામુંડા ઈન્ડ એસ્ટેટમાં કુલ કેટલા ઈન્ડસ્ટ્રીયલ પ્લોટોનું પ્લાન મંજુર થયેલ છે ? વિ. મુદ્દા નં.(૧) થી (૫)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૫– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે માંગેલ માહિતી બાબતે લાગત દફતરે ઉપલબ્ધ છેલ્લી હકીકત સ્થિતિ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૭૭૩ તા.૧૪–૯–૧૧થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન પ્રત્યુત્તર મળ્યો હોય તો મળ્યા બાદ કોઈ નારાજગી હોય તો આધાર સહ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૦–૯–૧૧ ના રોજનો પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૮–૭–૧૧ ની અરજીથી સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબ–ડિસ્ટ્રીકટ, શહેર સુરતના સુરત મહાનગરપાલિકાની વધારેલી હદમાં સમાવેશ કરવામાં આવેલ મોજે ગામ ઉધનાના રે.સ. નં. ૨૨૯, ૨૮૨ તથા ૨૯૬, ટી.પી.સ્કીમ નં. ૨. ( ઉધનાના ફાયનલ પ્લોટ નં. ૩૧ યાને મહાદેવ કોમ્પલેક્ષના નામથી ઓળખાતા એપાર્ટમેન્ટની પાછળ આવેલ) અને ચામુંડા ઈન્ડ એસ્ટેટના નામે ઓળખાતા સોસાયટીમાં પ્લાન તથા બાંધકામ બાબતેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજદારના મુદ્દા નં.(૧) ચામુંડા ઈન્ડ એસ્ટેટમાં કુલ કેટલા ઈન્ડસ્ટ્રીયલ પ્લોટોનું પ્લાન મંજુર થયેલ છે ? મુદ્દા નં.(૨) હકીકતમાં સદરહુ સોસા. માં કેટલા પ્લોટો આવેલ છે? મુદ્દા નં.૩ સદરહુ પ્લોટોમાંથી કેટલા પ્લોટોને કેટલા બાંધકામની પરવાનગી આપવામાં આવેલ છે? મુદ્દા નં.(૪) તે દરેક પ્લોટોના નંબર પ્રમાણે તેઓને મળેલ બાંધકામ પરવાનગીની વિગત. મુદ્દા નં.(૫) હકીકતમાં કેટલા પ્લોટોનું બાંધકામ ગેરકાયદેસર છે તે પ્લોટોના નંબર અને દરેક કયા પ્લોટ નંબરમાં કેટલો બાંધકામ ગેરકાયદેસર છે તેની વિગત. જે બાબતે અરજદાર તરફથી નિર્દિષ્ટ સમયમાં કોઈ નિર્ણય નહી મળવાથી તા.૫–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી અપીલ તબકકે આરટીઆઈ સેલ/૭૭૩ તા.૧૪–૯–૧૧ થી અપીલ દરમ્યાન પ્રત્યુત્તર મળ્યો હોય તો તે મળ્યા બાદ નારાજગીની વિગતો આધારસહ રજૂ કરવા અન્યથા ગુણદોષના આધારે અરજીનો નિકાલ કરવાની ફરજ પડશે તેવું જણાવતો પત્ર અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે અરજી દફતરે કરવાની ધમકી ગણ્યાની રજૂઆત કરેલ છે. અરજદાર એક એડવોકેટ હોવા છતાં અપીલીય અર્ધન્યાયિક પ્રક્રિયા પરત્વે પૂર્વગ્રહ યુકત મુલવણીનો પ્રયાસ આખરી નિકાલ પૂર્વે કરવાની ચેષ્ટા કરેલ જણાય છે. અત્રે અપીલના દાવાના સમર્થનમાં પૂરક વિગતો પૂરી પાડવાની જગ્યાએ અરજદાર

પોષ્ટ ખાતાને લગતી રજૂઆત કરેલ છે. તેમજ અત્રેના પત્રને મા.રાજયપાલ તેમજ મા.રાષ્ટ્રપતિને મોકલવાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પાડેલ હોઈ તેવી બંને પક્ષકારોની રજૂઆતને ધ્યાને લેતાં જણાતું નથી. તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૮–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામા આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સચીન એસ. માહેશ્વરી